# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## તા. 07/01/2022ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની વર્ષ 2021-22ની પાંચમી બેઠક **તા. 07-01-2022 ને શુક્રવારના** રોજ બપોરે **04-00** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલ / ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. જશવંતભાઈ પંડ્યા : સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(3) ડૉ. ભરતભાઈ જોશી : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા, અમદાવાદ)

(4) ડૉ. પુનિતાબહેન હર્ણે : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(5) ડૉ. શ્રીનિવાસ મૂર્તિ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(6) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(7) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, ગાંધી અધ્યયન વિદ્યાશાખા, અમદાવાદ)

(8) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(9) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(10) ડૉ. મહેશભાઈ ગામીત : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(12) ડૉ. હસમુખભાઈ દેસાઈ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(13) ડૉ. રામ ગોપાલ સિંહ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (કા. વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(15) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(16) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ.)

(17) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા; અને સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.)

(18) ડૉ. વિનોદભાઈ પાંડેય : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(19) ડૉ. નિરજભાઈ શેઠ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(20) ડૉ. મયૂરભાઈ શાહ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા)

(21) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(22) ડૉ. રાજેન્દ્રભાઈ જોશી : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(23) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી ( પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(24) ડૉ. લાલજીભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(25) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(26) ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(27) ડૉ. છનાલાલ ભિંસરા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(28) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(29) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(30) ડૉ. લોકેશભાઈ જૈન : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા.)

(31) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા.)

(32) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(33) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(34) શ્રી કમલેશભાઈ સાળુંકે : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(35) ડૉ. શૈલેશભાઈ દવે : સભ્યશ્રી, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત નિષ્ણાત

(36) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

**કાર્ય-1** તા. 07-10-2021ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા.

**ઠરાવ-1** તા. 07-10-2021ની વિદ્યાસભા ઠરાવ-15 મુજબ કોરોના અંગેની વિદ્યાર્થીઓની માહિતી પ્રાપ્ત થઈ છે અમલ બાકી હોવાનો સુધારો મંજૂર રાખી અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-2** તા. 13-12-2021ના રોજ યોજાયેલી ડીન અને વિભાગીય અધ્યક્ષોની સમિતિનો અહેવાલ.

**ઠરાવ-2** તા. 13-12-2021ના રોજ યોજાયેલી ડીન અને વિભાગીય અધ્યક્ષોની સમિતિના અહેવાલ (શિક્ષણશાસ્ત્ર વિભાગના 2 CBCS પાઠ્યક્રમો લાગુ કરવા)ને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**સમિતિનો ઠરાવ :** શિક્ષણ વિદ્યાશાખાના CBCS બે ક્રેડિટના બે અભ્યાસક્રમ (1) નાટ્યકલા (2) શૈક્ષણિક લેખન અમલી રાખવાનું ઠરાવવામાં આવ્યું અને યુજીસીના માળખા અનુસાર તમામ વિષયો માટે CBCSના બે ક્રેડિટના અભ્યાસક્રમો ગોઠવાય તે માટે BOS દ્વારા કાર્યવાહી કરવી.

**કાર્ય-3** તા. 3-12-2021ના રોજ યોજાયેલી એમ.ફિલ., પીએચ.ડી. મુદત વધારા બાબતની સમિતિનો અહેવાલ.

**ઠરાવ-3** તા. 3-12-2021ના રોજ યોજાયેલી એમ.ફિલ., પીએચ.ડી. મુદત વધારા બાબતની સમિતિના અહેવાલને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**સમિતિનો ઠરાવ :** યુજીસીના એમ.ફિલ., પીએચ.ડી. અધિનિયમ-2018 (પ્રથમ સુધારો) અનુસાર મુદ્દાક્રમ-4.1,4.2 અને 4.3ને અનુસરીને એમ.ફિલ., કે પીએચ.ડી.માં નિર્ધારિત કરેલા સમયગાળાથી આગળનો મુદત વધારો આપવાની ભલામણ નથી.

**કાર્ય-4** SWAYAM (સ્વયમ) બાબત કાર્યકારી પરીક્ષા નિયામકના તા. 24-11-2021ના પત્ર બાબત.

ઠરાવ-4 SWAYAM (સ્વયમ) બાબત કાર્યકારી પરીક્ષા નિયામકના તા. 24-11-2021ના પત્રને ધ્યાને લેવામાં આવ્યો. ડૉ. અજયભાઈ પરીખ આ કામગીરી સંભાળે જ છે. તેમણે વિગતે બધાને અગાઉ આપેલી સમજણ ફરીથી બધાને આપી.

કાર્ય-5 વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના તા. 17-12-2021ના પત્ર મુજબ એમ.સી.એ. અભ્યાસક્રમનો સમયગાળો બે વર્ષનો કરવા બાબત.

ઠરાવ-5 વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના તા. 17-12-2021ના પત્ર મુજબ એમ.સી.એ. અભ્યાસક્રમનો સમયગાળો બે વર્ષનો કરવા બાબતે તા. 08-10-2020ની વિદ્યાસભાના ઠરાવ-13માં સુધારો આમેજ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**અભ્યાસક્રમ સમિતિનો ઠરાવ** : કોમ્પ્યૂટર વિભાગની તા. 05-09-2020ના રોજ મળેલી અભ્યાસક્રમ સમિતિની (BOS)ની બેઠકમાં ઠરાવ્યા અનુસાર એમ.સી.એ.નો અભ્યાસક્રમ બે વર્ષનો કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 VFX (વિઝ્યુઅલ ઇફેક્ટ) ત્રણ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવા અંગે દૃશ્યશ્રાવ્ય નિર્માણ કેન્દ્રના તા. 09-10-2021ના પત્ર બાબત.

ઠરાવ-6 VFX (વિઝ્યુઅલ ઇફેક્ટ) ત્રણ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ દૃશ્યશ્રાવ્ય નિર્માણ કેન્દ્રનો તથા CERTIFICATE COURSE ON ODOO DEVELOPER પ્રમાણપત્ર અભ્યાસક્રમ, કોમ્પ્યૂટર વિભાગ દ્વારા શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 વર્ષ 2020-21ના વાર્ષિક ગુણવત્તા બાંહેધરી અહેવાલ (AQAR)ને મંજૂરી આપવા IQACના તા. 03-01-2022ના પત્ર બાબત.

ઠરાવ-7 વર્ષ 2020-21ના વાર્ષિક ગુણવત્તા બાંહેધરી અહેવાલ (AQAR)ને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 નીચે મુજબના અભ્યાસક્રમોને મંજૂરી તથા સુધારા/વધારા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | વિભાગ/સંકુલ |
|---|---|---|
| 1. | એમ.સી.એ. સત્ર-4ના અભ્યાસક્રમને મંજૂરી | કોમ્પ્યૂટર |
| 2. | એમ.સી.એ. સત્ર-2ના પ્રશ્નપત્ર-MCA-206 Software Application Development Project (Mini Project) ઉમેરીને Teaching-Learning_evaluation Schemeમાં ફેરફાર બાબત. | |
| 3. | પીએચ.ડી. અભ્યાસકાર્યના અભ્યાસક્રમ | |
| | 1. પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન પ્રશ્નપત્ર : 4 – સમૂહ માધ્યમ અધ્યયન | પત્રકારત્વ |
| | 2. હિન્દી ભાષા અને સાહિત્ય પ્રશ્નપત્ર : 4 | હિન્દી |
| | 3. ગુજરાતી – ગુજરાતી સાહિત્ય સમીક્ષા અને સિદ્ધાંત | ગુજરાતી |
| | 4. ઇતિહાસ – ઇતિહાસલેખનના પ્રવાહો અને ભારતીય ઇતિહાસલેખન પરંપરા | ઇતિહાસ |
| | 5. ગાંધીદર્શન – ગાંધીઅધ્યયન | ગાંધીદર્શન |
| | 6. અર્થશાસ્ત્ર – અદ્યતન આર્થિક સિદ્ધાંતો અને મુદ્દાઓ (Advance Economic theories and issues) | અર્થશાસ્ત્ર |
| 4. | બે ક્રેડિટના CBCS અભ્યાસક્રમો | |
| | 1. સામુદાયિક આરોગ્ય (પ્રાથમિક પરિચય – સ્નાતક સત્ર-3)<br>2. સામુદાયિક આરોગ્ય (માળખું અને કાર્યક્રમો – સ્નાતક સત્ર-4) | સમાજકાર્ય |
| | 3. સમુદાય શિક્ષણ : પરિચય (ગ્રામવિકાસ) | રાંધેજા. |

ઠરાવ-8 ઉપરોક્ત અભ્યાસક્રમોમાં સુધારા-વધારા તથા નવા અભ્યાસક્રમોને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 નીચે મુજબના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ પાંચ વર્ષ પછી પુનઃનોંધણીની આપેલી મંજૂરી બાબત.

1. પ્રીતિ પાંડેય, હિન્દી　　2. અશ્વિનકુમાર બારીયા, હિન્દી

ઠરાવ-9 ઉપરોક્ત વિદ્યાર્થીઓને આ. કુલનાયકશ્રીએ વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ પાંચ વર્ષ પછી પુનઃનોંધણીની આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-10 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-7 અભ્યાસકાર્યનું જે તે વિષય સંબંધિત પ્રશ્નપત્ર મરજિયાત રાખવા બાબત.

ઠરાવ-10 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-7 અભ્યાસકાર્યનું જે તે વિષય સંબંધિત પ્રશ્નપત્ર વિભાગ માટે મરજિયાત રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-7.11માં પ્રથમ સત્રમાં સંશોધન દરખાસ્ત રજૂ કરવી. સુધારો હોય તો છ માસમાં પુનઃ રજૂ કરવી. જો પુનઃ રજૂ ન કરી હોય અથવા અસ્વીકાર્ય થઈ હોય તો પ્રવેશ આપોઆપ રદ થાય છે. પણ જો વિદ્યાર્થી સંશોધન દરખાસ્ત પ્રથમ અને બીજા સત્રમાં કોઈપણ કારણસર રજૂ ન કરે તો શું ? તે બાબત.

ઠરાવ-11 જો કોઈ વિદ્યાર્થી સંશોધન દરખાસ્ત પ્રથમ અને બીજા સત્રમાં કોઈપણ કારણસર રજૂ ન કરે તો તેનો પ્રવેશ આપોઆપ રદ થાય તેવો સુધારો એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-7.11માં કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-22.6 મુક્ત મૌખિક પરીક્ષા દરમ્યાન જો સુધારા જણાય અને પુનઃ મુક્ત મૌખિક પરીક્ષા ગોઠવવી હોય તો 3 માસમાં ગોઠવવી પડે પણ 3 માસ સુધીમાં ન ગોઠવાય તો શું ? તે બાબત.

ઠરાવ-12 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018ના મુદ્દાક્રમ-22.6 મુક્ત મૌખિક પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થી જો સંશોધન કાર્ય અંગેની સ્પષ્ટ રજૂઆત ન કરે અથવા પરીક્ષક કે અન્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોની સ્પષ્ટ ચર્ચા ન કરી શકે (વાયવા ડિફેન્ડ ન કરી શકે) તો ફરીથી તૈયારી કરી ત્રણ માસમાં મૌખિક ગોઠવવા અંગે માર્ગદર્શક દ્વારા વિદ્યાકીય શાખાને જાણ કરવાની રહેશે. ફરીથી મુક્ત મૌખિક પરીક્ષા ગોઠવવા માટેનો સમયગાળો મહત્તમ છ માસ રહેશે.

જો વિદ્યાર્થી કુલ છ માસમાં તૈયારી કરીને મૌખિક માટે સજ્જ ન થાય તો વિદ્યાર્થીને અનુત્તીર્ણ જાહેર કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018માં આ સુધારો આમેજ કરવો.

કાર્ય-13 BCA અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

ઠરાવ-13 BCA અભ્યાસક્રમ શરૂ કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અન્વયે કોમ્પ્યૂટર વિભાગ જાન્યુઆરી-2022ના અંત સુધીમાં જોગવાઈઓ અંગે અહેવાલ આપે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-14 નવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબત.

ઠરાવ-14 દરેક વિષયમાં પ્રમાણપત્ર/પી.જી. ડિપ્લોમા/એડઑન જેવા ઓછામાં ઓછા 1 નવા અભ્યાસક્રમ શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું. આ બાબતે ફેબ્રુઆરી-2022ના અંત સુધીમાં દરેક વિભાગ હવે પછીની પરામર્શન સમિતિમાં આ અંગેની ચર્ચા વિચારણા કરીને પોતાની જોગવાઈઓ જણાવે અને નવા શૈક્ષણિક વર્ષ 2022-23થી આ અભ્યાસક્રમો શરૂ કરી શકાય તેમ ગોઠવવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 કોરોના રોગચાળાની વિકટ બનતી પરિસ્થિતિ બાબત.

ઠરાવ-15 કોરોના રોગચાળાની પરિસ્થિતિ વિકટ બનતી જાય છે ત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પ્રતિબંધક જોગવાઈઓ (SOP)ને અનુસરીને દરેક વિભાગ શિક્ષણકાર્ય ચાલુ રાખે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-16 એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમં-2018 (બીજો સુધારો) લાગુ કરવા બાબત.

ઠરાવ-16 અત્યાર સુધીના તમામ સુધારા વધારા આમેજ કરીને એમ.ફિલ.,પીએચ.ડી. અધિનિયમ-2018 (બીજો સુધારો) લાગુ કરવાનું ઠરાવવામાં આવ્યું.

25/01/2022

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ